ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૪ જાન્યુઆરી, ૨૦૨૬

# વેનેઝુએલામાં ડ્રગ્સની માત્ર વાતો, અમેરિકાનો અસલી ખેલ તેલનો છે

જે દેશના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને કેદ કર્યા છે તે દેશ વેનેઝુએલા વર્તમાનમાં તે દરરોજ આશરે નવ લાખ બેરલ તેલની નિકાસ કરે છે. ચીન તેનો સૌથી મોટો ખરીદનાર દેશ છે. જોકે અમેરિકન આકલન મુજબ વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો પ્રમાણિત ક્રૂડ ઓઈલનો ભંડાર છે, પરંતુ રિપોર્ટ કહે છે કે વેનેઝુએલા તેનો ઉપયોગ ખૂબ જ ઓછો કરે છે. અમેરિકન એનર્જી ઇન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન (EIA) અનુસાર, ટેકનિકલ અને બજેટરી પડકારોને કારણે 2023માં વેનેઝુએલાએ વૈશ્વિક ક્રૂડ ઓઈલનું માત્ર 0.8% ઉત્પાદન કર્યું હતું. અમેરિકી ઉર્જા વિભાગના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે 2019માં રાષ્ટ્રપતિ તરીકેના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન વેનેઝુએલાના તેલ ઉદ્યોગ પર પ્રતિબંધો લગાવ્યા હતા. આ પછી વેનેઝુએલાની કાચા તેલની નિકાસમાં અડધાથી વધુનો ઘટાડો થયો હતો. જાન્યુઆરી 2019માં જ્યાં તેલની નિકાસ દરરોજ આશરે 11 લાખ બેરલ હતી, તે વર્ષના અંત સુધીમાં ઘટીને આશરે 4.95 લાખ બેરલ રહી ગઈ હતી. છ વર્ષ પછી પણ આ પ્રતિબંધો લાગુ છે. પરંથુ ખાનગી રીતે જોઇએ તો વેનેઝુએલાની તેલ નિકાસ ફરી વધીને નવેમ્બર સુધીમાં દરરોજ અંદાજે 9.2 લાખ બેરલ થઈ ગઈ છે. જોકે, આ 1998માં દેશના સૌથી વધુ એટલે કે દરરોજ 30 લાખ બેરલ કરતા ઘણું ઓછું છે. પરંતુ આ આંશિક સુધારા પરથી ખબર પડે છે કે વેનેઝુએલા પર લાદવામાં આવેલા અમેરિકી પ્રતિબંધો તેની અપેક્ષા મુજબ કામ કરી રહ્યા નથી. એવું માનવામાં આવે છે કે પ્રતિબંધો હોવા છતાં માદુરોની સરકારે વેનેઝુએલાનું તેલ વેચવા માટે નવી રીતો શોધી કાઢી છે. તેમાં સૌથી મહત્વની ભૂમિકા 'ઘોસ્ટ ફ્લીટ'(Ghost Fleet) ની રહી છે. આ તેલ ટેન્કરોનું એવું જૂથ છે, જે પોતાના કામને છુપાવવા માટે ઘણી પ્રકારની રણનીતિઓનો ઉપયોગ કરે છે. ઘોસ્ટ ફ્લીટનો ટ્રેન્ડ વધી રહ્યો છે અને તેનો ઉપયોગ માત્ર વેનેઝુએલા જ નહીં, પરંતુ પશ્ચિમી પ્રતિબંધોનો સામનો કરી રહેલા અન્ય બે તેલ ઉત્પાદક દેશો, રશિયા અને ઈરાન પણ કરી રહ્યા છે. ફાઇનાન્સ ઈન્ટેલિજન્સ ફર્મ એસએન્ડપી ગ્લોબલનો અંદાજ છે કે વિશ્વના દર પાંચમાંથી એક તેલ ટેન્કરનો ઉપયોગ પ્રતિબંધિત દેશોમાંથી તેલની હેરાફેરી (તસ્કરી) માટે કરવામાં આવે છે. આમાંથી 10 ટકા ટેન્કર માત્ર વેનેઝુએલાનું તેલ લઈ જાય છે, 20 ટકા ઈરાનનું તેલ, અને 50 ટકા સંપૂર્ણપણે રશિયાના તેલ માટે સમર્પિત છે. બાકીના 20 ટકા કોઈ એક દેશ સાથે જોડાયેલા નથી અને અનેક દેશોનું તેલ લઈ જઈ શકે છે. તેલ પર પ્રતિબંધ લગાવવાનો હેતુ જ એ છે કે દેશો કે કંપનીઓ પ્રતિબંધિત દેશો પાસેથી કાચું તેલ ન ખરીદે અને ન તો તેનો વેપાર કરે. જો કોઈ કંપની કે દેશ વેનેઝુએલા જેવા પ્રતિબંધિત દેશ પાસેથી તેલ ખરીદતા પકડાય છે, તો અમેરિકા તેમના પર પણ પ્રતિબંધ લગાવી શકે છે. પ્રતિબંધિત દેશો પોતાનું તેલ ભારે ડિસ્કાઉન્ટ (વળતર) પર વેચે છે, જેના કારણે કંપનીઓ કે દેશો આ જોખમ ઉઠાવવા તૈયાર થઈ જાય છે. ત્યારબાદ તેઓ તેલની અસલી ઓળખ છુપાવવા માટે અલગ-અલગ યુક્તિઓ અજમાવે છે. સૌથી સામાન્ય રીત એ છે કે આ જહાજો વારંવાર પોતાનું નામ કે ઝંડો બદલે છે, ક્યારેક તો મહિનામાં ઘણી વખત. ઉદાહરણ તરીકે, આ બુધવારે જપ્ત કરવામાં આવેલું ટેન્કર 'ધ સ્કીપર' કહેવાય છે. આ તેલના ભંડારો પર અમેરિકાની નજર પહેલાથી જ છે. જો કે, હાલના આ રાષ્ટ્રપતિ તેમની કોઇ વાત માનતા નહીં હોવાથી તે અમેરિકાની નજરમાં કાંટાની જેમ ખૂંચી રહ્યાં છે અને હવે તો અમેરિકાએ આ દેશ પર હુમલો કરીને તેના રાષ્ટ્રપતિને કેદ કરી લીધા છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝ સાથેના ફોન ઇન્ટરવ્યુમાં કહ્યું કે તેમણે માદુરોને પકડવા માટેના સમગ્ર ઓપરેશનને લાઈવ જોયું. તેમણે સૈન્ય જનરલ સાથે રૂમમાં બેસીને આ બધું જોયું. ટ્રમ્પે કહ્યું કે આ ઓપરેશન ટીવી શો જોવા જેવું હતું. વિશ્વનો બીજો કોઈ દેશ આવું મિશન પાર પાડી શક્યો ન હોત. ટ્રમ્પે કહ્યું કે સૈન્યએ મજબૂત સ્ટીલના દરવાજા તોડીને થોડીક સેકન્ડોમાં અંદર પ્રવેશ કર્યો અને માદુરોને પકડી લીધા. તેમણે એમ પણ કહ્યું કે આખું ઓપરેશન અત્યંત મુશ્કેલ હતું અને જનરલો દરેક ક્ષણથી વાકેફ હતા.

બધું યોજના મુજબ થયું છે. તો બીજી તરફ બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મરે કહ્યું છે કે તેઓ વેનેઝુએલામાં યુએસ લશ્કરી કાર્યવાહી અંગે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરશે. સ્ટાર્મરે કહ્યું, "હું હંમેશા માનું છું કે બધા દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવું જોઈએ." તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે બ્રિટન આ હુમલામાં કોઈપણ રીતે સામેલ નહોતું. જો કે વાત જે હોય તે જગતજમાદારે ફરી એક વખત તેનું ધારેલું કરીને તેલનો ખેલ પાર પાડી દીધો છે.

## 'બીજાને માટે' અર્પણ

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

નગરની બહાર એક ઉજ્જડ જમીનનો ટુકડો હતો. એક વૃદ્ધ માળી એ જમીનના ટુકડા પર નિઃસ્વાર્થ ભાવે કામ કરે. જમીનને સાફ કરે, સૂકા પાંદડાં હટાવે. નવા નવા છોડ વાવે. ફળોનાં બીજ વાવે અને સરસ રીતે પોતાની મન મરજીથી કોઈ જ પ્રકારના વેતન વિના, કોઈ જ પ્રકારની આશા વિના, સ્વાર્થ વિના, બસ પોતાની ઈચ્છાથી કામ કરે. એક નાનકડો છોકરો શાળાએ જતાં રોજ માળી દાદાને આખો દિવસ કામ કરતાં જુએ. એક દિવસ ત્યાંથી પસાર થતાં તેણે વૃદ્ધ માળીને પૂછ્યું, ''દાદાજી, આ તો ઉજ્જડ જમીનનો ટુકડો છે. અહીં તમે શું કામ આટલી મહેનત કરો છો? અત્યારે તમે શું કરો છો?'' વૃદ્ધ માળી બોલ્યા, '' હું કેરીનો ગોટલો વાવી રહ્યો છું. તેમાંથી આંબાનું ઝાડ ઊગશે અને મીઠી કેરી આપશે.'' છોકરો બોલ્યો, '' દાદાજી, આંબાનું ઝાડ ઊગતાં તો વર્ષો નીકળી જશે અને મને લાગે છે ત્યાં સુધી તમે કદાચ જીવિત પણ નહીં રહો.'' વૃદ્ધ માળીએ હસતાં હસતાં કહ્યું, '' મારા દીકરા, ઘણું કામ આપણે 'બીજાને માટે' કરતાં રહેવું જોઈએ.'' આટલું કહી માળી પોતાના કામમાં લાગી ગયા અને એક પછી એક કેરીના ગોટલા વાવવા લાગ્યા. માળીએ જીવનના અંત સુધી કામ કરતા રહ્યા. આ ઉજ્જડ જમીન પર કંઈક ને કંઈક વાવ્યું, ફૂલછોડ, નવાં નવાં ઝાડ, ફળના ઝાડ વગેરે અને તેઓ વૃદ્ધ તો હતા જ એટલે એક દિવસ મૃત્યુ પામ્યા. એ વૃદ્ધ માળીનું નામ શું હતું તે પણ કોઈને ખબર ન હતી. થોડાં જ વર્ષોમાં ઉજ્જડ વેરાન જમીનનો ટુકડો હવે લીલોછમ બની ગયો, સુંદર બની ગયો, જાણે નગરનું ઘરેણું બની ગયો. રંગબેરંગી વિવિધ જાતનાં ફૂલો ત્યાં ઊગતાં, અનેક સરસ મજાનાં ઝાડ લહેરાવા લાગ્યાં, ઘટાદાર વૃક્ષો છાયા આપતાં ફળવાળા વૃક્ષો ફળ આપતાં, અનેક પંખીઓનું તે ઠેકાણું બની ગયા અને આ બહુ જ સુંદર બાગ પેલા વૃદ્ધ માળીના જીવનનાં છેલ્લાં વર્ષોની મહેનતનું ફળ હતું. ત્યાં નવા નગર અધિકારી આવ્યા અને કલેક્ટરે જે ઉજ્જડ જમીન, જે આજે લીલીછમ બની હતી તેની વિશેષ કાળજી માટે એક કમિટી નીમી અને લીલાંછમ જમીનને નામ આપ્યું --'બીજાને માટે.' નીચે લખ્યું વૃદ્ધ માળી દાદા જેનું નામ પણ આપણને ખબર નથી તેમને પ્રણામ કરીને 'બીજાને માટે' અર્પણ. આ નવા કલેક્ટર એ જ નાનકડો છોકરો હતો જેમણે વર્ષો પહેલાં માળી દાદાને આંબાનું ઝાડ વાવતાં પૂછ્યું હતું કે , ''દાદા આ જ ઝાડ પર ફળો આવશે ત્યાં સુધી તમે થોડા જીવતાં રહેશો અને ત્યારે વૃદ્ધ માળીએ કહ્યું હતું કે અમુક કામ 'બીજાને માટે' કરવાં જોઈએ અને એટલે જ તેણે આજે કલેક્ટર બની માળી દાદાનો સંદેશ બધાને સમજાવવા આ લીલાછમ જમીનના ટુકડાને નામ આપ્યું 'બીજાને માટે.'



# મ્યાનમારમાં ચૂંટણીઓ ચાલુ થઈ, જ્યારે અડધોઅડધ દેશ તો આંતરયુદ્ધમાં સળગી રહ્યો છે

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**૨૦૨૬માં થનાર ચૂંટણીઓને જોવાની રહેશે. ત્યાંના મિલિટરી શાસકોને સત્તા ભોગવવાની ટેવ પડી ગઈ છે, એટલે બહુ સરળતાથી મ્યાનમારમાં લોકશાહી શાસન સ્થપાય એવી આશા રાખવી વધુ પડતી છે**

મ્યાનમારમાં ચૂંટણીઓ યોજાય અને કહેવાતું પ્રજાકીય શાસન આવે તેની આડેનાં ઘનઘોર વાદળ હજુ હટવાનું નામ નથી લેતાં. મ્યાનમારમાં મિલિટરી શાસકો ચૂંટણી યોજવા માટેની પ્રક્રિયા હાથ ધરી રહ્યા છે. જો કે આ મિલિટરી શાસકો પાસે મ્યાનમારનો માત્ર અડધો ભાગ જ કાબૂ હેઠળ છે. બાકી બધે આંતરયુદ્ધ ચાલી રહ્યું હોવાને કારણે કોઈ ચોક્કસ વર્ચસ્વ હેઠળ દેશ નથી. આમ છતાંય ચૂંટણીઓનો બીજો તબક્કો ૧૧ જાન્યુઆરી અને ત્રીજો તબક્કો ૨૫ જાન્યુયારીએ યોજાય એવી શક્યતા છે.

મ્યાનમારમાં કુલ ૩૩૦ ટાઉનશીપમાંથી ૨૭૪ મતદાન કરશે. જનરલ મીન આંગ હ્લેઈંગ, મ્યાનમારની મિલિટરી ટાટમાડોના વડા છે. તેમણે એવું કહ્યું છે કે, એવા ઉમેદવારોને પસંદ કરવા અગત્યનું છે, જેઓ ટાટમાડો સાથે સહકારમાં કામ કરી શકે. ચૂંટણીમાં છ રાજકીય પક્ષો ભાગ લઈ રહ્યા છે અને છેલ્લા બે મહિનાથી ચૂંટણીપ્રચાર કરી રહ્યા છે. જો કે જે રીતે હાલના મિલિટરી શાસકો ચૂંટણીપ્રક્રિયાને અંજામ આપી રહ્યા છે એ જોતાં એને ૨૦૨૦ની ચૂંટણીઓ જેવું જનસમર્થન નથી મળી રહ્યું. વિશ્વભરનાં માધ્યમોએ ૨૦૨૦ની ચૂંટણીઓને મુક્ત અને તટસ્થ ચૂંટણીઓ ગણાવી હતી પણ તત્કાલીન મિલિટરી શાસકોએ એની મતદાનપ્રક્રિયામાં ગેરરીતિઓ અને ગોટાળા થયા છે, એવું બહાનું કાઢી પરિણામો રદ કરી દીધાં હતાં.

આમ, છેલ્લા કેટલાય સમયથી મ્યાનમાર રાજકીય અસ્થિરતા અને અડધોઅડધ દેશમાં કોઈ શાસનવ્યવસ્થા નહીં હોવાથી સિવિલ વૉરને કારણે અરાજકતાનો સામનો કરી રહ્યું છે. આ પાર્શ્વભૂમિકા સાથે ૨૦૨૬માં થનાર ચૂંટણીઓને જોવાની રહેશે. ત્યાંના મિલિટરી શાસકોને સત્તા ભોગવવાની ટેવ પડી ગઈ છે, એટલે બહુ સરળતાથી મ્યાનમારમાં લોકશાહી શાસન સ્થપાય એવી આશા રાખવી વધુ પડતી છે. મ્યાનમારના સર્વસ્વીકૃત નેતા સુ કીનો પક્ષ નેશનલ લીગ ફોર ડેમોક્રેસી (એનએલડી) ચૂંટણી લડી રહ્યો નથી, કારણ કે, એમણે ૨૦૨૩માં જે નવો કાયદો પસાર થયો તે હેઠળ જરૂરી મર્યાદાઓ સ્વીકારીને ચૂંટણી લડવાની વાતનો વિરોધ કર્યો છે અને એટલે આ પક્ષ ૨૦૨૩ના કાયદા પ્રમાણે પુનઃરજિસ્ટર્ડ ન થયો હોવાથી એના ચૂંટણી લડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



એક બાજુ અડધો દેશ સિવિલવૉરને કારણે મિલિટરી શાસનના કબજામાં નથી અને બીજી બાજુ સુ કી જેવા આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત નેતાના પક્ષને ચૂંટણી લડવામાંથી બાકાત રાખવામાં આવ્યો છે. બાકીના જે છ પક્ષો ચૂંટણી લડી રહ્યા છે તે પણ ૨૦૨૩માં મિલિટરીના વાજિંત્રે જે કાયદો પસાર કરાવ્યો તે હેઠળ મર્યાદિત સત્તાઓનો સ્વીકાર કરીને લડી રહ્યા છે. આમ, આ ત્રણે મુદ્દા જોઈએ તો મ્યાનમારમાં ૨૦૨૬માં થનાર ચૂંટણીની વિશ્વસનીયતા કેટલી રહેશે તે સમજી શકાય તેવું છે. અત્યારના શાસક જનરલ મીન આંગ માટે સિવિલવૉર એ ગૌણ મુદ્દો છે. એને તો આ ચૂંટણીઓ બાદ પ્રેસિડેન્ટ તરીકેનો હોદ્દો ધારણ કરી પોતાની સત્તાને કાયદેસરની ઠેરવવી છે અને એટલે આ આખીયે પ્રક્રિયાની વિશ્વસનીયતા ગમે તેટલી ઓછી હોય, ટાટમાડો (મિલિટરી) પોતે નક્કી કરેલા રસ્તે આગળ વધવા માગે છે.

મ્યાનમારના પાડોશી દેશો આ આખાય નાટકમાં ખાસ રસ લેતા નથી. જો કે ચીન અને ભારત એવી કોઈ વ્યવસ્થા ઈચ્છે છે કે જેના કારણે મ્યાનમારમાં સ્થિરતા અને શાંતિ સ્થપાઈ શકે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના નિષ્ણાતો કહે છે કે, ભારત અથવા ચીનને લોકશાહી વ્યવસ્થા કે એની જાળવણીમાં એટલો રસ નથી જેટલો એમનાં પોતાનાં અગત્યનાં આર્થિક હિતો અને સરહદે શાંતિ જળવાઈ રહે તેમાં છે. જો કે પશ્ચિમી દેશો અને અમેરિકા તેમજ યુરોપિયન યુનિયન આ ચૂંટણીને માત્ર મજાક ગણાવે છે અને એને લોકશાહીની પુનઃસ્થાપના ગણતા નથી અને આ કારણથી અમેરિકા તેમજ યુરોપ દૂર રહીને આ તમાશો જુએ છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જોઈએ તો મ્યાનમારને વૈશ્વિક સહાય ઘટતી ચાલી છે. ટ્રમ્પ શાસન દરમિયાન અમેરિકન સહાય લગભગ સૂકાઈ ગઈ છે અને મ્યાનમારના વધતા જતા રાજકીય અને માનવીય સંકટ સામે સ્થાનિક પ્રજા લગભગ નિઃસહાય છે, કારણ કે, આંતરરાષ્ટ્રીય કોમ્યુનિટીમાં એનો કોઈ હાથ પકડવાવાળું નથી. આ પરિસ્થિતિ ટૂંકા અથવા મધ્યમ ગાળામાં બદલાય એવી કોઈ શક્યતાના અણસાર દેખાતા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# યોગી આદિત્ય નાથ: યોગરાજ અને રાજયોગ

 યે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

**યુપીમાં માળખાંકીય બાંધકામો, રસ્તાઓ, વીજળી, બ્રિજ, મકાનો, ઉદ્યોગોનું નવનિર્માણ થઈ રહ્યું છે અને યોગીની સિધ્ધિઓની પ્રશંસા દેશના ઉદ્યોગપતિઓ તો કરી રહ્યા છે, એમના દુશ્મનો પણ કરી રહ્યા છે. લાખો એકર સરકારી જમીનો ખાલી કરાવી છે અને કોઈપણ ભેદભાવ વગર તેનો સદુપયોગ કર્યો છે**

ઉત્તરપ્રદેશ જો સ્વતંત્ર દેશ હોત તો તે વસતીની દૃષ્ટિએ દુનિયાનો છઠ્ઠા ક્રમનો દેશ હોત. રાજ્યની ચોવીસ કરોડની વસતી છે. હમણાં ચાર-પાંચ વરસ અગાઉ યુપી તમામ બાબતે અરાજક, દૂષણો અને દુષ્ટોથી ખદબદતું રાજ્ય હતું. જેની લાઠી એની ભેંસ એ થિયરીમાં રાજ્યની માથાભારે જનતા જ નહીં, માયાવતી અને મુલાયમ સિંહ પ્લસ અખિલેશની સરકાર પણ માનતી હતી. ભદ્ર સમાજના લોકોનાં અપહરણ કરાવી રાજ્યનાં મુખ્યમંત્રીઓ સમાધાનો કરાવતો અને ફિરૌતીમાંથી મોટો કટ મેળવતા. ગુંડાઓ સરકારોના પ્રથમ ખોળાનાં પુત્રો ગણાતા. અન્સારીઓ, અહમદો, આઝમખાન વગેરે માટે સરકારો લખી લખીને અરધી અરધી થઈ જતી હતી. અદાલતમાં કેસ આવે તો એક નહીં, એક પછી એક દસ દસ હાઈકોર્ટના માનનીય જજો કેસમાંથી ફારગતી લઈ લેતા હતા. સરકારના ગુંડા જમાઈઓથી ન્યાયતંત્ર થરથર કાંપતુ હતું.

પરંતુ 2017 બાદ જે થયું તે દુનિયા અચરજ ભાવે જોતી જ રહી ગઈ. જે અશક્ય જણાતું હતું તેને શક્ય બનાવ્યું છે. આ યોગી એવો રાજવી છે જેનો જોટો ઈતિહાસ કે વર્તમાનમાં મળવો મુશ્કેલ છે. ગોરખપુર મંદિરના એ મહંત છે અને દીક્ષા લીધી ત્યારથી માત્ર ભગવાં વસ્ત્રો પહેરે છે. સવારે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને પૂજા, અર્ચના, આરતી વગેરે કરે છે. ધ્યાન ધરે છે, યોગ પ્રાણાયામ કરે છે અને ગૌશાળામાં ગાયોને ચારે ખવડાવે છે. આ રીત મુખ્યમંત્રી બન્યા બાદ એમણે લખનૌમાં પણ ચાલુ રાખી છે. એમનો એક જ જીવનમંત્ર છે કે, ન ત્વહં કામયે રાજ્યં ન મૌક્ષ ન સ્વર્ગ ના પુનર્ભવમ, કામયે દુખત્પતાનાં પ્રાણિનાર્તિનાશમન (મને રાજ્ય જોઈતુ નથી, મૌક્ષ જોઈતો નથી કે નથી સ્વર્ગની કે પુનર્જન્મની ઈચ્છા. મારી ઈચ્છા દુઃખથી તડપતાં પ્રાણીઓ, જીવોનાં દુઃખોનો નાશ કરવાની છે)

છેલ્લા આઠ વરસનાં શાસનમાં એમણે એમની આ ઈચ્છાને જ ધ્યેય ગણીને રાજ્ય ચલાવ્યું છે. આજે એ શક્તિશાળી નેતાનું સ્થાન પામ્યા છે. આજે દેશ અને દુનિયાના લોકો વિચારતાં અને આશા રાખતાં થઈ ગયા છે કે ભારતના હવે પછીના વડા પ્રધાન યોગી આદિત્ય નાથ બનશે.

વિદેશી ડાબેરીઓના ડીપ સ્ટેટના પ્યાદાની મીડિયા જો કોઈ હિંદુત્વના નામે સારૂં કામ કરે, એક મોટા જનસમુદાયનું ભલું કરે તો આ સંસ્થાઓ માનવાધિકારનો સૂર ફૂંકવા માંડે છે. ગુંડાઓના, ભ્રષ્ટાચારીઓના અધિકારોની જ તેઓને ખેવના છે. એક લેખમાં પૂછે છે કે શું યોગી આદિત્યનાથ વિલન છે? વાસ્તવમાં, ભારતનું ભલું કરો, પશ્ચિમની માનસિક ગુલામીમાંથી દેશને આઝાદી અપાવે એવા નેતાઓ પશ્ચિમના ડીપ સ્ટેટને મુદેય પસંદ નથી. નરેન્દ્ર મોદીને તેઓ ડિકટેટર, તાનાશાહ ગણાવે. જ્યાં લખવાનું ઔચિત્વ ન હોય ત્યાં પણ તાનાશાહ વિશેષણ વાપરે. માનવાધિકારો, ધર્મસમાનતાના ખોટા પૂંછડાં પકડીને તેઓ ભારતને આગળ નહીં વધવાં દેવાની ફિરાકમાં હોય છે. ભારતમાં અમુક લોકો પણ તેઓને સાથ આપે છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ભારતનું અર્થતંત્ર ગર્તામાં જઈ રહ્યું છે. રાહુલ ગાંધીએ ટ્રમ્પને અનુમોદન આપ્યું તે દરમિયાન ભારત આર્થિક રીતે પાંચમાં ક્રમે હતું. તેને પછાડીને ચોથા ક્રમે આવી ગયું.

યોગી આદિત્યનાથના સાનિધ્યમાં યુપી જ નહીં, ભારત મજબૂત બની રહ્યું છે. યુપીમાં માળખાંકીય બાંધકામો, રસ્તાઓ, વીજળી, બ્રિજ, મકાનો, ઉદ્યોગોનું નવનિર્માણ થઈ રહ્યું છે અને યોગીની સિધ્ધિઓની પ્રશંસા દેશના ઉદ્યોગપતિઓ તો કરી રહ્યા છે, એમના દુશ્મનો પણ કરી રહ્યા છે. લાખો એકર સરકારી જમીનો ખાલી કરાવી છે અને કોઈપણ ભેદભાવ વગર તેનો સદુપયોગ કર્યો છે. સત્યની તલબ એવી કે કોઈપણનું કશું ખોટું ચલાવી લેતા નથી. કશો અહમ નથી. નમ્રતા અને સરળતા. માનવાધિકારની ગંદકી પીરસતા એમના વિરોધીઓ આક્ષેપ કરે છે કે એ માનવીય અધિકારો તેમ જ મુસ્લિમોને કચડે છે. બનારસ નજીક વિકાસ દુબે અને બીજા બે-ચાર હિન્દુઓનો તેમાંય બ્રાહ્મણોનો સફાયો બોલાવી દીધો તેનું શું? શું અતિક અહમેદ, મુખ્તાર અન્સારીને મનમરજી કરવા દેવાય તો જ મુસ્લિમો ખુશ રહે! એવા ક્યા મુસ્લિમોનો હક યોગીજીએ છીનવી લીધો?

વરસ 2029 સુધીમાં યોગીજી યુપીના અર્થતંત્રને એક ટ્રીલીયન (એક હજાર અબજ) ડોલર સુધી પહોંચાડવા માગે છે. આજે ત્રણસો અબજનું છે. ઘણાને પાંચ વરસના ગાળામાં આ શક્ય લાગતુ નથી. પરંતુ અત્યાર સુધીના આઠ વરસમાં યુપીએ વિકાસની દોટી મૂકી છે. યુપી દાયકાઓથી ભારતનું સૌથી ગરીબ રાજ્ય હતું. યોગીના વડપણ હેઠળ રાજ્યનો વાર્ષિક વિકાસ સરેરાશ સાત ટકા જેટલો રહ્યો છે. છેલ્લા ત્રણ વરસમાં ભારત જે ગતિએ આગળ વધ્યું. તેના કરતાં યુપીની ઝડપ વધુ રહી છે. યોગીજી કહે છે ભારતનું બિમાર રાજ્ય હવે વિકાસનું એન્જીન બન્યું છે.

રાજ્યમાં અદ્યતન માર્ગો બંધાયા છે. ગોરખપુરથી લખનૌ જાઓ કે લખનૌથી બીજે ક્યાયં પણ જાઓ, સપાટ, વિશાળ પાકા રસ્તાઓ પર ગાડીઓ પુરપાટ દોડે છે. યુપીમાં બાર હજાર કિલોમિટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો બંધાયા છે. અઢાર નવાં વિમાનમથકો બંધાયા છે. 2017માં પાકિસ્તાનથી મોટા યુપી પાસે માત્ર છ એરપોર્ટ્સ હતા. દરેક ઋતુમાં ટકે એવા ટુલેન રસ્તાઓથી યુપીના તમામ ગામો સાંકાળી લેવાયા છે. વીજળી ટકી રહે છે. સરકાર પાસે નાણાભંડોળની પણ કમી નથી. ભ્રષ્ટાચાર મટે તો કેવી ખુશહાલી આવે છે તેનો આ પુરાવો છે. પાછલા વરસે (2024માં) ઉત્તર પ્રદેશની 6.6 ટકા જીડીપી દેશમાં સૌથી ઊંચી રહી હતી. બિઝનેસ શરૂ કરવાના વાતાવરણમાં ધરખમ સુધારો થયો છે. જમીન અને કામદારોની બાબતમાં કાયદાઓમાં યોગ્ય સુધારાઓ કરાયા છે. ભારતના પૂર્વ આર્થિક સલાહકાર અરવિંદ પાનગઢિયાના કહેવા પ્રમાણે કાયદો અને વ્યવસ્થાની યોગ્ય સ્થિતિને કારણે રાજ્યના બિઝનેસ વાતાવરણ પર સૌથી સારી અને મોટી અસર પડી છે. નોઈડાનો વિકાસ નજરે ચડે એ રીતે થયો છે અને થઈ રહ્યો છે. આજે આઈ.ટી મેન્યુફેકચરિંગ હબ તરીકે અગ્રેસર છે. સેમસંગ, ઝાયોમો અને ગૂગલ જેવી કંપનીઓ નોઈડામાં આવી ગઈ છે. જ્યાં એક સમયે આઈટી ઉદ્યોગપતિઓ, ડોકટરો અને એમનાં સંતાનોનાં અપહરણો રોજબરોજની ઘટનાઓ બની ગયાં હતાં. આજે કોઈ યુવતી સામે મોં ઊંચું કરીને જોઈ શકતું નથી. સંરક્ષણનાં સાધનો અને શાસ્ત્રોનું નિર્માણ, મિસાઈલો સહિત હવે યુપીમાં બને છે. આઈબીએમ જેન પેક્ટ જેવી અમેરિકન કંપનીઓએ યુપીમાં હેડક્વાર્ટસે ખોલ્યાં છે. અનેક ક્ષેત્રમાં અનેક નવી પ્રવૃતિઓ ધમધમી રહી છે. યાદી લાંબી છે. અંગ્રેજીમાં કહેવત છે કે જ્યારે પ્રજાની માઠી દશા બેસે ત્યારે તેને એવો નાલાયક રાજા મળે છે. યોગીજી પુરવાર કરે છે કે યુપીની સારી, શુભ દશા બેઠી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## હાઈટેક મશીનોમાં બનેલું અધધ કપડું વેચવું ક્યાં?

છેલ્લાં કેટલાંય વર્ષોથી કાપડ ઉદ્યોગમાં મંદી આવતી રહે છે. આ વખતની મંદી ભયંકર છે, જે ઉત્પાદકો બે દિવસની રજા પાડી પ્રોડક્શન ઓછું કરવાનો પ્રયાસ કરે છે કાપડ ઉદ્યોગમાં મંદી હવે કાયમી ઘર કરી ગઈ છે. હાઈટેક મશીનો રેપિયર , એર જેટ, વોટર જેટ જેવાં મશીનો વધતાં જાય છે. પાવર લુમ્સ કરતાં સરેરાશ પાંચ-છ ગણું ઉત્પાદન આપતા આવાં મશીનોના કારણે ઓવર પ્રોડક્શન અનેકઘણું વધી જતાં હવે કાપડનો સ્ટોક થાય છે. આપણી નિકાસ નીતિના અભાવે કાપડ નિકાસ થઈ શકતું નથી. જંગી ઉત્પાદન ક્યાં વેચવું તે મોટો પ્રશ્ન છે. જો કોઈ હવે નવા મશીનનો પ્રોજેક્ટ નાખવા વિચારી રહ્યા હોય તો તેઓએ હવે સમજી વિચારીને કામ કરવું જોઈએ. મશીન નાખ્યા પછી તેનું ઉત્પાદન વેચવાની પહેલાં તૈયારી કરી લેવી જોઈએ અને પછી જ જો કાપડ વેચી શકવાની ક્ષમતા હોય તો જ મશીનો નાખવાં જોઈએ. કરોડો રૂપિયાના રોકાણ પછી પણ જો મશીનનો ઉત્પાદન થયેલો માલ વેચાતો જ ના હોય તો પછી એ કપડું વેચવું ક્યાં? એવા સમયે જો મશીનરી યાર્ન ખરીદી પર જો લોન હોય તો પછી ખૂબ જ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. હાલના સમયમાં સમજી વિચારીને કામ કરવું તેમાં જ સલામતી છે.

**સુરત - વિજય તુઈવાલા**

## ત્રણેય સશસ્ત્ર દળોને આધુનિક શસ્ત્રોની ઐતિહાસિક મંજૂરી

ભારતની સુરક્ષા વ્યવસ્થાને વધુ સક્ષમ અને ભવિષ્યના પડકારો સામે તૈયાર બનાવવા માટે કેન્દ્ર સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી સંરક્ષણ સંપાદન સમિતિની બેઠકમાં ત્રણેય સશસ્ત્ર દળો માટે અંદાજે ૭૯,૦૦૦ કરોડ રૂપિયાનાં આધુનિક શસ્ત્રો અને સાધનોની ખરીદી મંજૂર કરવામાં આવી છે. આ નિર્ણય દેશની સીમાઓની સુરક્ષા સાથે સાથે આધુનિક યુદ્ધની બદલાતી રીતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.સેનાની ક્ષમતાઓમાં આ નિર્ણયથી નોંધપાત્ર વધારો થવાનો છે. સેનાને મળનારી લોઈટર મ્યુનિશન પદ્ધતિ દુશ્મનના મુખ્ય અને ઉચ્ચ મૂલ્યનાં લક્ષ્યો પર અત્યંત ચોકસાઈથી પ્રહાર કરવા સક્ષમ બનાવશે. આ સાથે, ઓછી ઊંચાઈ પર ઊડતાં માનવરહિત વિમાનોને ઓળખવા અને તેમની ગતિ પર નજર રાખવા માટે હળવા વજનના તરંગશોધક સાધનો પણ સેનાને મળશે. આ સાધનો આધુનિક યુદ્ધમાં વધી રહેલા માનવરહિત ખતરાઓ સામે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. નૌકાદળ માટે પણ આ સોદો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. બંદરોમાં અને મર્યાદિત જગ્યાઓમાં જહાજો તથા જળકુહર નૌકાઓને સુરક્ષિત રીતે ખસેડવા માટે વિશેષ ખેંચક જહાજો મંજૂર કરવામાં આવ્યા છે. વાયુસેના માટે મંજૂર કરાયેલી સ્વયંચાલિત ઉડાન અને ઉતરાણ નોંધણી પ્રણાલી તમામ હવામાન પરિસ્થિતિઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળી નોંધ દ્વારા ઉડાન સલામતીમાં વધારો કરશે. કુલ મળીને, આ નિર્ણય ભારતની રક્ષણાત્મક તૈયારીને નવી દિશા આપતો છે. આધુનિક સાધનો, સ્વદેશી ક્ષમતાઓ અને વ્યૂહાત્મક દૃષ્ટિ સાથે લેવામાં આવેલો આ પગલું દેશની સુરક્ષા અને આત્મનિર્ભરતાને વધુ મજબૂત બનાવશે.

**સુરત - કાંતિલાલ માંડોત**

## કલમનાં કસબીઓ

સાહિત્યકાર, નવલકથાકાર, પત્રકાર, ચિત્રકાર, ગઝલકાર, આ બધાને કલમના કસબીઓ કહેવામાં આવે છે.કેમ કે ગુજરાતી-હિન્દી ભાષાના શબ્દોનું ગહન ખેડાણ કરીને ઉત્કૃષ્ટ રચના કરતા હોય છે અને લાંબી કહાનીવાળી નવલકથા તૈયાર કરે છે.પત્રકારો પણ રોજબરોજની બનતી ઘટનાનું નિરૂપણ કરીને સમાચારો તૈયાર કરે ત્યારે દૈનિક અખબાર પ્રસિધ્ધ થાય છે. આમ તંત્રીલેખ, અગ્રલેખ, ચર્ચાપત્રો વિવિધ કોલમો એ જે તે અખબારનું હાર્દ કહેવાય છે. ચિત્રકારો પણ પીંછી કલમ દ્વારા નયનરમ્ય ચિત્રો તૈયાર કરે છે.ગઝલકારો શાયરો શબ્દોનું સેટિંગ ગોઠવીને ગઝલ શાયરીનું નિર્માણ કરતા હોય છે. હાસ્યકારોની તો વાત જ અલગ છે. શબ્દોની રચનાનો બીજો અર્થ કરીને તેમાંથી હાસ્ય પેદા કરીને શ્રોતાઓને ખડખડાટ હસાવે છે. આ બધા કલમના કસબીઓનું હથિયાર કલમ (પેન) છે.પરંતુ સસ્તી મોંઘી પેન વેચનારા દુકાનદારને કંઈ કલમનો કસબી ન કહેવાય. પીઢ સાહિત્યકાર કવિ ભગવતીકુમાર શર્માએ આજીવન 'ગુજરાતમિત્ર'માં સેવા આપી હતી. તેઓ હયાત નથી પરંતુ તેમની રચના સદાયે અમર છે. સુરતના ગઝલકાર ગની દહીંવાલા પોતે વધુ ભણેલા ન હતા, દરજી કામ કરતાં ગઝલો બનાવી હતી તે આજે પણ યાદગાર છે. કલમના કસબી મુંડીપતિ નથી હોતા,પોતાના મુડના પતિ હોય છે.

**તરસાડા, માંડવી- પ્રવીણસિંહ મહીડા**

## સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં લખેલા નિયમો

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ તરફથી સંચાલિત તમામ બસમાં જાતજાતના નિયમોનું પાલન કરવા માટેની નિયમાવલી લખવામાં આવે છે, પરંતુ તે માત્ર પોથીમાંનાં રીંગણાં સમાન જ પુરવાર થાય છે. કંડકટર, ડ્રાઈવરથી લઈને પેસેન્જર સુધી કોઈ પણ વ્યક્તિ એક પણ નિયમનું ચુસ્તપણે પાલન કરતાં નથી. દરેક બસમાં લખ્યું હોય છે કે ''બસમાં ધૂમ્રપાન કરવાની મનાઈ છે'' છતાં કંડકટર, ડ્રાઈવર તથા પેસેન્જર્સ બધાં જ બિન્ધાસ્ત રીતે ધૂમ્રપાન કરે છે. ''કંડકટરને હંમેશા છૂટા પૈસા આપવાનો આગ્રહ રાખો''. પરંતુ કોઈ પણ વ્યક્તિ છૂટા પૈસા આપતા નથી, તો ક્યારેક, કંડકટર રૂપિયો કે બે રૂપિયા છૂટા નથી કહી ને પેસેન્જરને પાછા આપતાં નથી. ''કંડકટર પાસે ફરિયાદ બુક મળશે, તમે તમારી ફરિયાદ, ફરિયાદ બુકમાં નોંધી શકો છો'' પરંતુ ભાગ્યે જ કોઈ કંડકટર પાસે ફરિયાદ બુક હોય છે અને હોય છે તો તેઓ પેસેન્જરને આપતાં નથી. ''બસમાં કોઈએ ગંદકી કરવી નહીં'' એવાં બોર્ડ મારેલાં હોય છે, પરંતુ ચાલુ બસમાં લોકો નાસ્તો, ખાણું, પાણી તથા ઠંડાં પીણાં વિગેરે ખાઈ પીને બસમાં જ આમતેમ ફેંકી દે છે. ''આ ત્રણ બેઠકો મહિલાઓ માટે ખાલી રાખવી'' પરંતુ આ નિયમનું પાલન ક્યારેય થતું નથી અને મહિલાઓને ઊભા ઊભા મુસાફરી કરવાની ફરજ પડે છે. 'આ બે બેઠકો દિવ્યાંગ, અશક્ત તથા વૃદ્ધો માટે ખાલી રાખવી'' પરંતુ ક્યારેય કોઈ માનવતા બતાવીને વૃદ્ધોને કે દિવ્યાંગોને જગા આપતું નથી અને કંડકટર પણ દરમિયાનગીરી કરીને વૃદ્ધો કે દિવ્યાંગોને મદદરૂપ બનતાં નથી.

**હાલોલ - યોગેશભાઈ આર. જોશી**

## એઓ ફેર વિચારણા કરે

ભારતીય સંસ્કૃતિ અને આપણે તો હિંદુ માટે આપણા દેશમાં કે રાજ્યમાં પશ્ચિમી દેશોના કોઈ પણ તહેવાર કે પ્રસંગ લોકો ઉજવવાનો વિચાર કરે એટલે એમનો પિત્તો જાય. પ્રજાને તો સીધો સંવાદ કરી અટકાવવાનું શક્ય ન બને એટલે પશ્ચિમી દેશોના કોઈ પણ તહેવાર કે પ્રસંગને અનુરૂપ જે જે દુકાનોમાં કે મોલોમાં કોઈ વસ્તુઓ વેચાતી હોય કે આવા સ્થળે તે પ્રસંગને કારણે કોઈ પ્લે કાર્ડ, મોટા પોસ્ટર મુકાયાં હોય તો તેઓ તેવા સ્થળે તેઓ ટોળામાં જઈ ત્યાં તોડફોડ કરે અને તેનો વિડીયો ફરતો કરી ભારતીય સંસ્કૃતિ માટેનું તેમનું ગર્વ બતાવે. આ તત્ત્વો બેરોકટોક અરાજક્તા ફેલાવે છે. પરંતુ પ્રજાકીય અભિગમ અને પ્રજાકીય વર્તનની વાસ્તવિકતા તો દર વર્ષે સિદ્ધ કરે જ છે કે ૩૧ ડિસેમ્બર હોય, નાતાલ હોય કે ૧૪ ફેબ્રુઆરી હોય, આ બધા દિવસોએ લોકો મન મૂકીને પૈસા ખર્ચી આ તહેવારોનો આનંદ લે છે.

દુનિયાના બધા જ દેશોના લોકો આ આનંદ લેતા હોય છે. હજી ગઈ કાલે જ નૂતન વર્ષની પહેલી રાત ગઈ અને બરોબર રાત્રે ૧૨ વાગે ગુજરાતમાં અને અન્ય રાજ્યોમાં જે ઉજવણી થઈ તે સિદ્ધ કરે જ છે કે લોકોને દિવાળી કરતાં ૩૧ ડિસેમ્બર ઉજવવામાં વધારે મજા આવે છે, માટે જ હવે આ ભારતીય સંસ્કૃતિનાં ભક્તોએ દીવાલ પરનાં આ લખાણ વાંચી વાસ્તવિકતા સ્વીકારી પોતાના અભિગમ પર ફેરવિચારણા કરવાની તાતી જરૂર છે.

**- રાજેન્દ્ર કર્ણિક**